# ૩ છ પગ ને બે પાંખ

C4P3I6

## ચાલો, ગાઈએ ગીતડું :

માટી ખાઈને થાય મોટું, ચાલતું જાય વાંકુચૂકું,
જાણે નાનું સાપોલિયું, આ તે કેવું અળસિયું!
જમીન પોચી પોચી કરતું, સોના જેવું ખાતર બનતું,
પાક બમણો સૌને ધરતું, આ તે કેવું અળસિયું!
તડકો દેખી ભાગી જાતું, અડકો ત્યાં કેવું શરમાતું,
માટીમાં જઈ ઊંડે સરતું, આ તે કેવું અળસિયું.

**- શૈલેષ કાલરિયા**

## કીડીને દરમાંથી બહાર કાઢો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ⬡ વાર્તા વાંચો.

### તમે નહીં માનો!


આમતેમ કેવી હાંફળીફાંફળી દોડે! પછી, મોંમાં ખોરાક લઈને લાઇનમાં ચાલતી જાય. રસ્તામાં મળતી ફ્રેન્ડ્સ સાથે થોડીક ગુસપુસ કરે ને ઝડપથી આગળ વધે.

એ તે કોણ?

કીડી, સાવ નાનકડું જંતુ.

કીડી હોય નાની નાની પણ એની પાસેથી શીખવા મળે મોટું મોટું. દર બનાવવાની ટૅકનિક, દરમાં રહેનાર કીડીઓ માટેનાં કામની વહેંચણી અને વ્યવસ્થા જોવા જેવાં. શિસ્ત અને કરકસરમાં તો કીડી અજોડ. સંગ્રહ કરવાનો ગુણ તો કીડી પાસેથી જ શીખવો પડે. સમૂહભાવના તો કીડીની જ.

કીડી હોય ત્યાં તમે સેવ નાખી જુઓ. તરત એકાદ કીડીનું ધ્યાન જશે. તે બીજી કીડીઓને બોલાવશે, બધી કીડી ભેગી મળી એ થાંભલાને ઊંચકી લઈ જશે. હા હોં... એમના માટે તો એ સેવ એટલે થાંભલો જ ને! પછી કેટલીક ખાસ પ્રકારની કીડીઓ એ થાંભલાને દરમાં લઈ જવા આગળ જશે. કીડીઓ રહેવા માટે જમીનની અંદર માટી ખોદીને દર બનાવે છે. એ દરના મુખ ઉપર માટીનો નાનકડો ઢગલો થાય છે. કીડીના આ આખા નિવાસસ્થાનને એન્ટહિલ કહેવાય છે. આ કીડીઓ દર કે એન્ટહિલ પર વાગે તેવા કાંટા-કાંકરા હોય તો વીણી લેશે. થોડીક કીડીઓ દર પર ટેકાની જેમ ચોંટી જશે. જેથી પેલો સેવનો થાંભલો લઈ જતી કીડીને ટેકો મળે. એમ કરતાં કરતાં દરમાં પહોંચી જશે. જો કે દરની ટોચ લપસણી હોય છે. ત્યાં એમ ચઢાય નહીં. એટલે ટોચ પરથી એક કીડી બીજી કીડીનો પગ પકડી લટકે. માણસો જેમ એકબીજાનો હાથ પકડે ને એવી રીતે. બીજીનો પગ પકડી ત્રીજી, ત્રીજીના પગે ચોથી અને ચોથીના પગે... એમ સાંકળ બનાવી લે. પછી નીચેથી આવતી કીડીઓના પગ પકડી તેમને ઉપર ખેંચી લે. કીડીઓ પાડવા નહિ ઊંચે ચઢાવવા બીજાના પગ ખેંચે હોં! લાગે છે કે આર્ટ ઑફ લિવિંગ તો માણસે કીડી પાસેથી જ શીખવા જેવી છે.



આમ જુઓ તો કીડી અંધ જેવી ગણાય, કારણ કે આંખ વડે કશું જોઈને તે હલનચલન કરતી નથી. અને છતાં, તમે એનો રસ્તો ગમે

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કીડીઓ તરત તેને ઓળખી જ કાઢે અને વહાલ કરવા લાગે. યાદ રાખવા કરતાં પણ કીડી સૂંઘવામાં ખૂબ જ પાવરધી. કીડીની સૂંઘવાની શક્તિ ગજબની. સૂંઘવાની આવડતને લીધે ગમે તેટલે દૂરથી પણ કીડી પોતાના જ દરમાં પહોંચી જાય. આપણાથી એવું થાય ખરું?

એન્ટહિલમાં એક રાણી કીડી હોય છે. બાકીની બધી કીડીઓ મજૂર અને સૈનિક કીડીઓ કહેવાય છે. રાણી મરજી મુજબ ઈંડાં મૂકતી રહે છે. તે ઈંડાં ફળેલાં હોય કે ન પણ હોય, ફળેલાં ઈંડાંમાંથી માદા કીડીઓ ને ન ફળેલાંમાંથી નર કીડીઓ જન્મે. રાણી કીડી જ્યારે ઈયળ હોય છે ત્યારે તેમને પોષક ખોરાક આપવામાં આવે છે. બાકીની ઈયળોને જેવો ખોરાક આપ્યો હોય તે પ્રમાણે તેમાંથી મજૂર કે સૈનિક કીડીઓ બને. જેવું ખાઈએ તેવા બનીએ; ખરું ને?

નવાઈ લાગે એવી વાત તો એ છે કે, કીડીઓ એન્ટહિલમાં બીજાં કેટલાંક પ્રાણીઓ રાખે. માણસો ગાય, ભેંસ, બકરી, કૂતરું, ઘોડા વગેરે પાળે છે તેમ! નાની કીડીઓ, ઢાલિયો, ફૂદાં વગેરે પાળે. અમુક સાથે તો જાણે ફક્ત રમવા માટે. કેટલાકની સુગંધ સરસ હોય એટલે ઘરમાં એર ફ્રેશનર, અગરબત્તી કે સુગંધદાની તરીકે કામ લાગે. લીલું ફૂદું તો એમની ગાય છે. ગ્રીન ફ્લાયને તેઓ એમના બંગલામાં સાચવે, ખવડાવે, રહેવા દે. પછી તેને બે બાજુથી ધીમેથી દબાવીને મીઠો મીઠો રસ મેળવે. કીડીઓને તે ખૂબ ભાવે.

## અમને ઓળખો







કીડીની ૨૦૦૦ જેટલી જાતો છે. તેનાં

જ. પરાઈ કીડી જોઈ કે તરત જ તેને મારી નાખે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

● **વાતચીત :**

- કીડીની કઈ ખાસિયત તમને ગમી?
- તમે કીડી પાસેથી શું શીખ્યાં?
- તમે કીડી હો તો કયું કામ કરો? કેમ?
- તમે કેવી કેવી કીડીઓ જોઈ છે?
- લાલ કીડી ને કાળી કીડીમાં શો તફાવત છે?
- તમને ક્યારેય કીડી કરડી છે? ત્યારે શું થયું હતું?
- તમે કીડીઓને શું શું કરતી જોઈ છે?
- ખાંડના ડબ્બામાં કીડીઓ ચઢી જાય તો શું કરશો?
- ખોરાકની શોધમાં અલગ અલગ જગ્યાએ ગયેલી બે કીડી સાંજે મળે તો એકબીજા સાથે શું વાતો કરતી હશે?
- તમે એક દિવસ માટે કીડી બની જાવ તો શું શં કરો?

**કીડીની જેમ દસ ડગલાં ચાલો. તે પછી કીડીઓને જે લાગુ પડતું હોય તેની પાછળની લીટી પર**  **અને ન લાગુ પડતું હોય ત્યાં**  **દોરો.**

૧. ખોરાક ભેગો કરે ____________
૨. સંપીને કામ પૂરાં કરે ____________
૩. ખોરાક જોઈ બીજી કીડીઓને સંદેશો પહોંચાડે ____________
૬. એકબીજાને ઓળખી કાઢે ____________
૭. દરમાં એક રાજા કીડી હોય ____________
૮. દુશ્મન કીડીઓને સાચવે ____________
૯. પરાઈ કીડી સાથે મિત્રતા કેળવે ____________

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**વાક્યો વાંચો. વાક્યમાં કીડીઓના જે જે ગુણ લાગુ પડતા હોય તે શબ્દ જે-તે વાક્યની સામે લખો.**

(સમૂહજીવન, યાદશક્તિ, સહકાર, પરિશ્રમ, ગંધશક્તિ)

૧. મોમાં ખોરાક લઈને લાઇનમાં ચાલતી જાય. ______

૨. બધી કીડી ભેગી મળી એ ગાંઠિયાને ઊંચકી લઈ જશે. ______

૩. ટોચ પરથી એક કીડી બીજી કીડીનો પગ પકડી લટકે. ______

૪. દૂરથી પણ કીડી પોતાના જ દરમાં પહોંચી જાય. ______

૫. પોતાના દરની સાથી કીડીઓ પ્રત્યે પ્રેમભાવ રાખે. સમૂહજીવન, સહકાર

૬. દૂર પડેલા ખોરાકને શોધી કાઢે. ______

૭. ખોરાકને ઢસડીને દર સુધી લઈ જાય. ______

૮. ઘણી બધી કીડીઓ દરમાં એકસાથે રહે. ______

૯. સતત કામ કરતી રહે. ______

**...તો કીડી શું કરશે?**

- રસ્તામાં જતી હોય ને ખાંડ જોઈ જાય. ______
- રાંધેલા ભાતના દાણાને દરમાં લઈ જવો છે. ______
- પોતાના દરની કીડી મળી જાય. ______
- રસ્તામાં બીજા દરની કીડી મળી જાય. ______

- **ચાલો, ગાઈએ ગીતડું : માટી ખાઈને થાય મોટું...**

**આ પરિસ્થિતિમાં તમે કીડીને શું કહેશો? અભિનય સાથે બોલો.**

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પ્રશ્નોના જવાબ કૌંસમાંથી શોધીને લખો.

(ગુસપુસ, સંગ્રહ, કરકસર, ખૂંખાર, દુશ્મની, પરાઈ)

૧. વાઘ તો જેને જુએ તેને મારી નાખે.
   વાઘ કેવું પ્રાણી છે? ______

૨. આપણે બધાં સાથે મિત્રતા રાખવી જોઈએ ને હળીમળીને રહેવું જોઈએ.
   આપણે કોઈની સાથે શું ન રાખવું જોઈએ? ______

૩. એ ઘડિયાળ મારી નહોતી. એટલે એ મેં પાછી એના માલિકને આપી દીધી.
   કેવી વસ્તુ આપણે ન રખાય? ______

૪. એ ચારેય જણા અંદરોઅંદર ધીમેથી કંઈક વાત કરતા હતા.
   ચારેય જણા શું કરતા હતા? ______

૫. નિશાબહેન જરૂર પૂરતું જ પાણી વાપરે.
   નિશાબહેન પાણીનો ઉપયોગ કરવામાં શું કરે છે? ______

૬. પાર્થ જુદા જુદા પ્રકારના પથ્થર ભેગા કરી મૂકી રાખે.
   પાર્થ જુદા જુદા પ્રકારના પથ્થરનું શું કરતો? ______

## કીડીની વિશેષતા બતાવતા શબ્દો પાઠમાંથી શોધીને લખો. જોડીમાં કામ કરો.

**ઉદાહરણ : નાનકડી**

______

______

______

## આવો ભાવ દર્શાવતું વાક્ય પાઠમાંથી શોધીને લખો.

૧. એકબીજા સાથે ધીમેથી વાતો કર. ______

______

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૪. સામા પક્ષની કીડીને પકડી લઈ નોકર બનાવી રાખે. ____________________

____________________

## બે-ત્રણ વાક્યમાં જવાબ લખો.

૧. કીડીઓ સેવને દર સુધી પહોંચાડવા શું શું કરે છે?

૨. કીડીઓ દરમાં શું શું કરતી હોય છે?

૩. એન્ટહિલમાં રાણી કીડી શું કામ કરે છે?

૪. કીડીઓ દરમાં બીજાં ક્યાં જંતુઓ રાખે છે? શા માટે?

૫. કીડીઓ આપણને શું શું શીખવે છે?

- **ચાલો, ગાઈએ ગીતડું : માટી ખાઈને થાય મોટું...**

## કીડીની જેમ ચાલવાનો, સંદેશો પહોંચાડવાનો, ખોરાક શોધવાનો, ખોરાકને ખેંચી જવાનો, ખોરાકને દર સુધી પહોંચાડવાનો અભિનય કરો.

## રમત : સંદેશો પહોંચાડો.

શિક્ષક તમારા કાનમાં એક વાક્ય કહેશે. તમારે બીજાના કાનમાં. બીજો ત્રીજાના કાનમાં... આમ છેલ્લા વિદ્યાર્થી સુધી કાનમાં વાક્ય કહો. છેલ્લે જે વિદ્યાર્થીના કાનમાં વાક્ય કહેવાયું છે તે ઊભો થઈ પોતે સાંભળેલું વાક્ય બોલશે અને પ્રથમ વિદ્યાર્થી કે જેના કાનમાં શિક્ષકે વાક્ય કહ્યું હતું તે વાક્ય બોલશે. બંને વાક્યોની સરખામણી કરો. આ રીતે જુદાં જુદાં વાક્યો બોલી રમત રમો.

## સંવાદ મોટેથી વાંચો અને ભજવો.


મમ્મી : બેટા, ઋત્વી જરા શરબત બનાવી દે ને.

ઋત્વી : હા, મમ્મી, હમણાં જ બનાવી દઉં.

મમ્મી : જરા મીઠું ઓછું નાખજે ને ખાંડનો ડબ્બો ઉપર જ છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ગીત ગાઓ.



### મારોય ફોટો પાડો

સતત સખત બસ કામ જ કરતાં કીડીબેનનો ફોટો પાડો;
લખવામાં મશગૂલ છે એવી ઝીણી પેનનો ફોટો પાડો;
વિશાળ પાંખો, ઊંડી આંખો, તીણી ચાંચનો ફોટો પાડો;
ઊંચે ઊડતાં ગીધ, બાજ ને ગરુડરાજનો ફોટો પાડો;
ફૂલ-ફળોથી છલકાતી મીઠી મોસમનો ફોટો પાડો;
લાલ જામફળ ખાતા લીલુડા પોપટનો ફોટો પાડો;
રંગ શોધતા કાગાજી ને બગલાજીનો ફોટો પાડો;
રંગ પૂરતા કૂકડજી ને મયૂરજીનો ફોટો પાડો;
મંદ મંદ ને હારબંધ સરતાં કુંજડાનો ફોટો પાડો;
ઠીબડે પાણી પીતા-નહાતા દરજીડાનો ફોટો પાડો;
દાણા ચણતાં હોલાજી ને કબૂતરાનો ફોટો પાડો;
ગૂંજી ઊઠેલા આખાયે ચબૂતરાનો ફોટો પાડો;
ચકલો બોલ્યો : હમણાં મારો ને ચકલીનો ફોટો પાડો;
પછી, ભણીને આવે તે બચલા-બચલીનો ફોટો પાડો.

- જિતુ ત્રિવેદી

- **વાતચીત.**
  - તમને કઈ પંક્તિ ગાવાની સૌથી વધુ મજા પડી? ફરીથી ગાઓ.
  - કવિતામાં જેટલા ફોટાની વાત આવે છે તેમાંથી કયા બે ફોટા તમને પાડવા ગમે?

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ચબૂતરો શા માટે બનાવવામાં આવે છે?
- તમે પક્ષીઓને શી રીતે મદદરૂપ થઈ શકો?

## હું કોણ છું?

૧. હું ચાંચથી દાણા ખાઉં છું. : ________

૨. હું ખૂબ જ મહેનત કરું છું. : ________

૩. હું લાલ જામફળ ખાઉં છું. : ________

૪. હું ઠીબડે પાણી પીઉં છું. : ________

૫. અમે રંગ પૂરીએ છીએ. : ________

૬. હું લખવામાં મશગૂલ છું. : ________

## જોડકાં જોડો.

| | (અ) | | | (બ) |
|---|---|---|---|---|
| ૧. | ઊંચે ઊડે | ( ) | (અ) | કુંજડાં |
| ૨. | ફૂલ ફળોથી છલકે | ( ) | (આ) | કાગડો અને બગલો |
| ૩. | હારબંધ સરકે | ( ) | (ઇ) | મીઠી મોસમ |
| ૪. | ભણે | ( ) | (ઈ) | બચલા અને બચલી |
| ૫. | રંગ શોધે | ( ) | (ઉ) | ગીધ, બાજ, ગરુડરાજ |

## વાંચો, સમજો અને લખો.

**ઉદા. ફોટો પાડો.**

________ પાડો ________ પાડો ________ પાડો

________ પાડો ________ પાડો ________ પાડો

## જવાબ લખો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

⬡ **ગીતના આધારે લખો.**

પેન કેવી? પેન ઝીણી છે. પાંખો કેવી? ______

આંખો કેવી? ______ ચાંચ કેવી? ______

જામફળ કેવું? ______ પોપટ કેવો? ______

⬡ **પ્રશ્ન પૂરો કરો. બે-ત્રણ જવાબ બોલો. વર્ગની બે ટુકડી બનાવો. એક ટુકડી પ્રશ્ન પૂરો કરે અને બીજી ટુકડી એ પ્રશ્નના બે-ત્રણ જવાબ આપો.**

**ટુકડી ૧ : પોપટ કેવો છે?**

ટુકડી ૨ : ૧. પોપટ સુંદર છે. ૨. પોપટ લીલો છે. ૩. પોપટ લાંબી પૂંછડીવાળો છે.

૧. કોયલ ______ છે? ૨. મોર ______ છે?

૩. કબૂતર ______ છે? ૪. છછૂંદર ______ છે?

૫. મગર ______ છે? ૬. વિમાન ______ છે?

૭. મોબાઈલ ______ છે? ૮. ગાડી ______ છે?

૯. પતંગિયું ______ છે? ૧૦. ઝાડ ______ છે?

- **ચાલો, ગાઈએ ગીતડું : માટી ખાઈને થાય મોટું...**

⬡ **ડાબી આંખ બંધ કરી, જમણો હાથ ઊંચો કરી એક મિનિટ માટે બેસો. તે પછી નીચેનાં વાક્યો વાંચો. સાચું હોય તો 'સચ્ચાજી ભૈ સચ્ચાજી' બોલી ✓ કરો. ખોટું હોય તો 'ખોટ્ટાજી ભૈ ખોટ્ટાજી' બોલી X કરો. ખોટું વાક્ય સુધારીને બોલો.**

૧. શાહમૃગનું ઈંડું મોટું ચીભડાં જેવું હોય છે. ______

૨. નાનકડી કીડીઓ મોટું બિસ્કિટ પણ ઢસડી જાય. ______

૩. કારેલું રંગે લીલું અને ખાટું હોય છે. ______

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૮. તેણે ઊંચે આકાશમાં દડા જેવું વિમાન જોયું.

૯. તીખી તમતમતી ચૉકલેટ ખાઈને ચિન્ટુ ખુશ થઈ ગયો.

૧૦. છેવટે નદી ઊંચા ઊંચા પર્વત પર જાય છે.

**ચિત્રના આધારે ઉદાહરણ મુજબ પ્રશ્ન કે જવાબ લખો.**

**ઉદા.** 


**પ્રશ્ન** : કાર કેવી છે?

**જવાબ** : કાર લાલ છે.



૧. પ્રશ્ન : ______________?

જવાબ : સૂરજમુખી પીળું છે.




૨. પ્રશ્ન : તરબૂચ કેવું છે?

જવાબ : ______________



૩. પ્રશ્ન : ______________

જવાબ : ઝાડ ઊંચું છે.



૪. પ્રશ્ન : ______________

જવાબ : ______________

**કૌંસમાં આપેલા શબ્દોમાં કીડી, પતંગિયું અને હાથીને લગતા શબ્દો ભેગા થઈ ગયા છે. આ શબ્દોને છૂટા પાડી લખો.**

(જાડો, નાની, કાળી, રંગબેરંગી, લાલ, રૂપાળું, મોટો)

૧. કીડી કેવી? ______________________________

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ⬡ ટોપલીમાંથી યોગ્ય શબ્દ જોડકણાંમાં મૂકો.




૧. સસલાભાઈ તો બીકણ ભારે,
કાતરી ખાતાં લીલાં પાન,
ઉંદરભાઈના મામા એ તો,
એના ............. કાન.

૨. મરચું કહે હું .............,
પહેરું ટોપી .............,
તીખું ભડકા જેવું,
જીભ રહે ના છાની.

૩. કાળી કાળી .............,
આંબા ડાળે ડોલે;
............. ફળ ખાતી ખાતી,
............. ટહુકા બોલે.

૪. ............. કાગડાભાઈ,
કા... કા... કરી ગાતા;
ચૌટે ચૌટે ઊડતા ફરતા,
એઠું જૂઠું ખાતા.

૫. આભે કાળાં વાદળ જોતાં,
મોર ............. રાચે;
ઢેલ સામે જોતો,
થૈ થૈ કરતો નાચે.

૬. લીલું અંગ ............. ચાંચ,
............. બોલે;
ઝાડે બેસી હીંચકા ખાતો,
ડાળી ઉપર ડોલે.

## ⬡ કૌંસમાં આપેલ શબ્દોમાં જરૂર લાગે તે ફેરફાર કરી ખાલી જગ્યા પૂરો.

(ગરમ, મીઠું, ચોખ્ખું, પીળું, ઝડપ, ઊંચું, ખાટું, લાંબું)

૧. મમ્મીએ દાળમાં ——— આંબલી નાખી.

૨. ગરુડરાજ ——— આસન પર બેઠા.

૩. સૂરજમુખીનું ——— રંગનું ફૂલ સૂરજ તરફ નમે.

૫. ઉનાળામાં ——— ખૂબ લાગે.

૬. સોફિયાને ——— દાંત ગમે.

૭. મેં શેરડીનો ——— રસ પીધો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ટપ્પુએ પોતાની પેન્સિલ વિશે લખ્યું છે. હવે ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકી તમારી પેન્સિલ વિશે લખો.

| | |
|---|---|
| હું ટપ્પુ છું. મને જુદા જુદા રંગની પેન્સિલ બહુ ગમે. મારી પાસે લાલ રંગની બે, પીળા રંગની એક અને વાદળી રંગની એક એમ કુલ ચાર પેન્સિલ છે. એમાંય વાદળી રંગની પેન્સિલ તો મને બહુ ગમે. હું એ પેન્સિલ વડે જ લખું છું. એટલે એ ટૂંકી થઈ છે. હું પેન્સિલથી સુંદર અક્ષરે લખું છું. | હું ........ છું. મને જુદા જુદા રંગની પેન્સિલ બહુ ગમે. મારી પાસે ........ રંગની, ........, ........ રંગની ........ અને ........ રંગની ........ એમ કુલ ........ પેન્સિલ છે. એમાંય ........ રંગની પેન્સિલ તો મને બહુ ગમે. હું એ પેન્સિલ વડે જ લખું છું. એટલે એ ........ થઈ છે. હું પેન્સિલથી ........ અક્ષરે લખું છું. |

તમારા દાદા, દાદી, માતા, પિતા, ભાઈ, બહેન કે પાલતુ પ્રાણી-પક્ષીમાંથી કોઈ એક વિશે લખો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

- ચાલો ગાઈએ ગીતડું : માટી ખાઈને થાય મોટું...

વાંચો, સમજો અને બોલો.

કિટ્ટુ : બિટ્ટુ, ચાલ હું **અને** તું ફરવા જઈએ.

બિટ્ટુ : પણ જવું ક્યાં? નદીએ **કે** તળાવે?

કિટ્ટુ : ચાલ, નદીએ **જ** જઈએ. પણ જઈશું કેવી રીતે?

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કિટ્ટુ : હા, પણ એ બધા આવશે **કે** નહિ આવે – એ ખબર નહિ.

બિટ્ટુ : કહીએ તો ખરા! હું **અથવા** તું બેમાંથી એક કહેવા જઈએ.

કિટ્ટુ : ના, એમ નહિ, હું **અને** તું બંને જઈએ.

**જે-જે શબ્દો બરાબર ન લાગે તે-તે શબ્દો છેકી નાખો.**

૧. ચિન્ટુએ પિન્ટુને કહ્યું **અને/કે/અથવા** તે બહુ રૂપાળું છે.

૨. ચિટ્ટુ **અને/કે/અથવા** બિટ્ટુ દોડશે **અને/કે/અથવા** કૂદશે.

૩. ચીંકી **અને/કે/અથવા** પીંકી બંને રમવા ગયાં છે.

૪. તેઓ શું કરશે? આવશે **અને/કે/અથવા** નહીં આવે?

૫. મમ્મી બજારમાંથી પેન **અને/કે/અથવા** પેન્સિલ બંને લાવશે.

**કયું બરાબર લાગે છે? બરાબર લાગે તેની સામે ✓ કરો. જો બરાબર ન લાગે તો નીચે લીટી કરેલા શબ્દને બદલે અને/કે/અથવા મૂકો.**

૧. હેત્વી અને દિયા રમે છે.

૨. તને શું ભાવે? સફરજન અને કેરી?

૩. તેઓ બાઈક અથવા ગાડી લઈને જશે.

૪. પેલો છોકરો ઊંચો અથવા જાડો છે.

૫. રાજાએ હુકમ કર્યો અને બીરબલને હાજર કરો.

૬. લીલા કે મોહન આવ્યાં.

૭. તમે ચા પીશો કે પછી કૉફી?

૮. હું કૉલેજ જઈશ અને લગ્નમાં જઈશ.

૯. હું અથવા મારી બહેન ગીત ગાઈશું.

**વાંચો, સમજો અને યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો.**

૧. તમે શું લાવશો? ફળ ________ શાકભાજી?

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૩. તમે શું લેશો? જલેબી ________ પેંડા?
હું બંને લઈશ. જલેબી ________ પેંડા.
હું તો ગમે તે એક જ લઈશ. જલેબી ________ પેંડા.

૪. કિટ્ટુ ________ બિટ્ટુ ફરવા ચાલ્યા.
કિટ્ટુ ________ બિટ્ટુ ફરવા જશે.
કિટ્ટુ ________ બિટ્ટુ બેમાંથી એક ફરવા જશે.

૫. ચિન્ટુ ________ પિન્ટુ ચૉકલેટ ________ આઈસક્રીમ ખાય છે.
ચિન્ટુ ________ પિન્ટુ ચૉકલેટ ________ આઈસક્રીમ ખાશે.
ચિન્ટુ ________ પિન્ટુ બેમાંથી એક ચૉકલેટ ________ આઈસક્રીમ ખાશે.

**યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો અને વર્ગ સમક્ષ આખું વાક્ય રજૂ કરો.**

(કડકડતી, ગડગડાટ, કાળઝાળ, બળબળતી, ગુલાબી, મુશળધાર, મંદ-મંદ, સોનાવરણી, સડસડાટ, તોફાની)

૧. ચોમાસું જામ્યું હતું. ________ વરસાદ પડતો હતો.
૨. ________ ગરમી હતી, રસ્તો બરાબર તપ્યો હતો.
૩. સમુદ્ર આજે ________ થયો છે. માછીમારો પોતાના ઘરે ઊપડ્યા.
૪. સવારની ________ ઠંડી મને પ્રફુલ્લિત કરે છે.
૫. વરસાદ આવ્યો અને સીમ ________ બની.
૬. ખૂબ શાંતિ છવાઈ ગઈ, ફક્ત ________ પવન વાતો હતો.
૭. ________ ઠંડીમાં અનિલ ઠરી ગયો.
૮. ________ ગરમીના કારણે બધાં જ પ્રાણીઓ ઝાડ નીચે ગોઠવાઈ ગયાં.
૯. એ ________ કરતો દોડ્યો ને પડ્યો.
૧૦. વાદળોનો ________ બતાવે છે કે ચોક્કસ વધુ વરસાદ પડશે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જીગો : સાહેબ, મને જંગલમાં જવાનાં સપનાં બહુ આવે.

ડૉક્ટર : હં.

જીગો : કોઈ ઉપાય ખરો?

ડૉક્ટર : પ્રિસ્ક્રિપ્શનમાં બે જોડી ચંપલ લખી આપું છું.

## નીચેની શબ્દપોટલીમાં શબ્દ ભરો :




## લગભગ સરખા :

**બમણું**-બેવડું; **સરવું**-સરકવું; **હાંફળુંફાંફળું**-બેબાકળું; **વહેંચણી**-ફાળવણી; **શિસ્ત**-નિયમબદ્ધ વર્તન; **અજોડ**-જેની જોડ ન હોય એવું; **સમૂહભાવના**-આખો સમૂહ એક ક્રિયામાં સાથે લાગતાં અનુભવે તેવો સમભાવ; **ટેકો**-આધાર; **ટોચ**-છેક ઉપરનો ભાગ; **સાંકળ**-કડીઓ કે આંકડા જોડીને બનાવેલી લાંબી હાર; **વહાલ**-પ્રીતિ; **પાવરધી**-કુશળ; **ગજબ**-આશ્ચર્ય; **પોષક**-પોષણ કરનાર; **કેદી**-કેદ કરેલું; **ગુલામ**-દાસ; **સંસ્કૃતિ**-સંસ્કાર, વિદ્યા, કળા, વિજ્ઞાન, ઉદ્યોગ વગેરેના કારણે તૈયાર થયેલી માનવજીવનના વિકાસની એક ભૂમિકા; **યુગ**-જમાનો; **ઉકેલ**-સૂઝ; **મશગૂલ**-લીન; **તીણું**-ઝીણી અણીવાળું; **મંદ**-ધીમું

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in